પ્રભાત

# પેનાંગ કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન બ્યુરોએ સેલ્સ મિશન કાર્યક્રમ લોન્ચ કર્યો

પેનાંગ કન્વેન્શલ એન્ડ એક્ઝિબિશન બ્યુરો (પીસીઈબી) દ્વારા અમદાવાદમાં તેના પ્રથમ સેલ્સ મિશનને આજે ભારતમાં તેના બીજા પેનાંગ સેલ્સ મિશનના ભાગરૂપે લોન્ચ કરવામાં આવ્યું હતું.

પીસીઈબીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અશ્વિન ગુનાસેકરનની અધ્યક્ષતામા આ મિશનમાં પેનાંગ ડેલિગેશનના ૧૨ પાર્ટનર્સ સામેલ છે, જેમાં હોટેલ્સ, ડેસ્ટિનેશન, મેનેજમેન્ટ કંપનીઓ, આકર્ષણો અને થીમ પાર્ક, પ્રોફેશનલ કોન્ફરન્સીસ ઓર્ગેનાઈઝર્સ, ઈવેન્ટ એક્સપર્ટ્સ તથા પીસીઈબીના સ્ટ્રેટેજિક એરલાઈન પાર્ટનર, મલેશિયા એરલાઈન્સ સામેલ છે.

૭ જાન્યુઆરીએ ચેન્નઈમાં મિશનના પ્રારંભ પછી પેનાંગ ડેલિગેશન ૧૧ જાન્યુઆરીએ મુંબઈમાં અને ૧૪ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં પેનાંગને પ્રમોટ કરવાના હેતુથી પોતાની સફર ચાલુ રાખશે અને પેનાંગને કોર્પોરેટ એન્ડ એસોસીએશન મીટિંગ્સ, કોન્ફરન્સીસ અને ઈન્સેટિવ્સ ઉપરાંત લિઝર ટ્રાવેલ માટે પસંદગીના સ્થળ તરીકે પ્રમોટ કરશે.

ભારતમાં પેનાંગની વધી રહેલી લોકપ્રિયતાને જોઈને પેનાંગ સેલ્સ મિશન ટુ ઈન્ડિયા ચાર શહેરોની મુલાકાત લેશે અને ભારતમાં બિઝનેસ ઈવેન્ટ્સ અને લિઝર ટ્રાવેલ્સ બાયર્સ સાથે બીટુબી એંગેજમેન્ટ સેશન યોજશે તેમજ આ સાથે સ્થાનિક ભારતીય અને બિઝનેસ ઈવેન્ટ્સ મીડિયા સાથે મીડિયા સેશન યોજશે. વિઝિટ કરો ઃ ૠદદ૪ઃ// ૩૩૩.૪ણૂફૂણૂ.ક્ક/૪ઢૂઁશ્નોફુસ્ર્ર્ફૂ.૪ર્ન્ટ

પેનાંગના ટુરિઝમ ડેવલપમેન્ટ, હેરિટેજ, આર્ટ્સ એન્ડ કલ્ચરના સ્ટેટ એક્ઝિક્યુટિવ કાઉન્સિલર યેઓહ સૂન હીન નવી દિલ્હી ખાતે ઉપસ્થિત રહેશે જ્યાં તેઓ ભારતમાં ટુરિઝમ સત્તાધીશો અને અન્ય મહત્ત્વના લોકો સાથે અધિકૃત બેઠકો યોજશે.

# બાયજુસે ગુજરાતના ત્રણ